# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૪/17072 તા.૧૮/૧૨/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ

સુરત.જિ.સુરત

આ સાથે સામેલ કમિશનર શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગુ.રા. ગાંધીનગરનો તા.૧૧/૧૨/૨૦૨૪ પરિપત્રનો આપની કક્ષાએ યોગ્ય અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

COS/mis/e-file/276/2024/2423/SECONDARY

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
પુનિત વનની સામે, સે-૧૯,
ગુ.રા., ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ.

વિષય: પ્રસાર ભારતી DD ફ્રી ડીશ વિશે પ્રચાર-પ્રસાર કરવા બાબત.

સંદર્ભ: (૧) માહિતી અને પ્રસારણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૬/૦૯/૨૦૨૪ના પત્ર
(૨) શિક્ષણ વિભાગના તા.૧૧/૦૯/૨૦૨૪ના પત્ર

ઉપર્યુકત વિષય અને સંદર્ભદર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે, પ્રસાર ભારતી ડીડી ફ્રી ડીશના નામે ભરતનું સૌથી મોટું અને એકમાત્ર ફ્રી ડાયરેકટ-ટુ-હોમ (DTH) પ્લેટફોર્મ ચલાવી રહ્યું છે. ડીડી ફ્રી ડીશ ચેનલો એનક્રિપ્ટેડ નથી. દૂરદર્શન તેના દર્શકો પાસેથી ડીડી ફ્રી ડીશ ચેનલો માટે કોઇપણ માસિક સબ્સ્ક્રિપ્શન ફી વસૂલતું નથી તેમજ આજીવન નિ:શુલ્ક સેવા છે. ડીડી ફ્રી ડીશ ચેનલો પ્રાપ્ત કરવા માટે માત્ર એક જ વખતના નાના રોકાણ કરવાની જરૂર પડે છે. જે રૂ.૧૫૦૦/- થી વધુ નથી અને જે દૂરના ગામડાઓમાં પણ સરળતાથી ઉપલબ્ધ છે.

શૈક્ષણિક ચેનલો જેવી કે 'DD Swayam Prabha', DD PM e Vidya' અને DD Digi Shala' કે જે કલા, વિજ્ઞાન, વાણિજ્ય, પરફોર્મિંગ આર્ટ્સ, સામાજિક વિજ્ઞાન અને માનવતા વિષયો, એન્જિનિયરીંગ, ટેકનોલોજી, કાયદો, દવા, કૃષિ વગેરે જેવા વિવિધ વિષયોને આવરી લેતા શૈક્ષણિક અભ્યાસક્રમ આધારિત સામગ્રીઓ પૂરી પાડે છે. જેની વિગતો/વિષયવસ્તુઓ NCERT, CIET, IITs અને UGC વગેરે દ્વારા પુરી પાડવામાં આવે છે.

આથી, ગુજરાત રાજ્યમાં દૂરના ગામડાઓમાં રહેતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સશક્ત બનાવવા અર્થે વિવિધ સરકારી યોજનાઓ અને શૈક્ષણિક વિગતો મળી રહે તે માટે આપના તાબા હેઠળની શાળાઓમાં ઉકત ડીડી ફ્રી ડીશ ચેનલ વિશે સમજ આપવા તેમજ તેના ઉપયોગ માટે પ્રચાર-પ્રસાર કરવા જણાવવામાં આવે છે.

સંયુકત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

Signature Not Verified
Signed by: MEHULKUMAR G. VYAS
Deputy Director
Date: 2024.12.11 11:33:06 +5:30

File No: COS/mis/e-file/276/2024/2423/SECONDARY
Approved By: Deputy Director,Establishment,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

માહિતી અને પ્રસારણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર

પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૩) અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ

વિષય:- પ્રસાર ભારતી DD ફ્રી ડીશ વિશે બહોળો પ્રચાર-પ્રસાર કરવા બાબત (To spread information about DD Free Dish)

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે પ્રસાર ભારતી, ભારત સરકારનો તા.૧૯/૦૭/૨૦૨૪નો પત્ર ક્રમાંક: DDFD/9(2)/2024/Platform/256 આ સાથે સામેલ છે.

ઉક્ત પત્રમાં જણાવ્યા અનુસાર, પ્રસાર ભારતી ડીડી ફ્રી ડીશના નામે ભારતનું સૌથી મોટું અને એકમાત્ર ફ્રી ડાયરેક્ટ-ટુ-હોમ (DTH) પ્લેટફોર્મ ચલાવી રહ્યું છે. હાલમાં ડીડી ફ્રી ડીશ ૩૮૧ ટીવી ચેનલો અને ૪૮ રેડિયો વિનામૂલ્યે પ્રદાન કરે છે અને સમગ્ર દેશમાં અંદાજે ૫ કરોડથી વધુ ઘરોમાં જોવાનો અંદાજ છે.

ખાનગી ડીટીએચ પ્લેટફોર્મ્સથી વિપરીત, ડીડી ફ્રી ડીશ ચેનલો એનક્રિપ્ટેડ નથી અને દૂરદર્શન તેના દર્શકો પાસેથી ડીડી ફ્રી ડીશ ચેનલો માટે કોઈપણ માસિક સબ્સ્ક્રિપ્શન ફી વસૂલતું નથી. તેમજ તે આજીવન નિ:શુલ્ક સેવા છે. ડીડી ફ્રી ડીશ ચેનલો પ્રાપ્ત કરવા માટે ડીડી ફ્રી ડીશ સેટ-ટોપ-બોક્સ અને નાના કદના ડીશ એન્ટેના ખરીદવા માટે માત્ર એક જ વખતના નાના રોકાણ કરવાની જરૂર પડે છે. જે રૂ. ૧૫૦૦/- થી વધુ નથી અને જે દૂરના ગામડાઓમાં પણ સરળતાથી ઉપલબ્ધ છે.

હાલમાં ડીડી ફ્રી ડીશમાં શૈક્ષણિક ચેનલો અને સામાન્ય મનોરંજન, સમાચાર, ભક્તિ, મૂવીઝ, રમતગમત વગેરેની લોકપ્રિય ખાનગી ટીવી ચેનલો સહિત દૂરદર્શન ચેનલોનો સમાવેશ થાય છે. શૈક્ષણિક ચેનલો જેવી કે 'DD Swayam Prabha', 'DD PM eVidya' અને 'DD DigiShala' કે જે કલા, વિજ્ઞાન, વાણિજ્ય, પરફોર્મિંગ આર્ટ્સ, સામાજિક વિજ્ઞાન અને માનવતા વિષયો, એન્જિનિયરિંગ, ટેકનોલોજી, કાયદો, દવા, કૃષિ વગેરે જેવા વિવિધ વિષયોને આવરી લેતા શૈક્ષણિક અભ્યાસક્રમ આધારિત અભ્યાસક્રમ સામગ્રીઓ પૂરી પાડે છે. જેનો વિગતો/વિષયવસ્તુઓ NCERT, CIET, IITs અને UGC વગેરે દ્વારા પૂરી પાડવામાં આવે છે.

આથી ગુજરાત રાજ્યમાં દૂરના ગામડાઓમાં રહેતા સામાન્ય લોકો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સશક્ત બનાવવા

અથ વિવિધ સરકારી યોજનાઓ અને શૈક્ષણિક વિગતો મળી રહે તે માટે વિવિધ સરકારી વિભાગો,શાળાઓ/કોલેજો/સંસ્થાઓ/યુનિવર્સિટીઓ, નગરપાલિકાઓ, ગ્રામ પંચાયતો અને આંગણવાડીઓ, બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર અને તાલુકા અધિકારીઓ વગેરેને DD ફ્રી ડીશ વિશે બહોળો પ્રચાર-પ્રસાર કરવા અંગે વિનંતી કરેલ છે.

ઉક્ત બાબતે આપના વિભાગ હસ્તકની કચેરીઓ તથા સંસ્થાઓમાં સદરહુ બાબતના પ્રચાર-પ્રસાર સંબંધિત પરિપત્ર કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(દીપ પટેલ)

ઉપસચિવ

માહિતી અને પ્રસારણ વિભાગ

બિડાણઃ-ઉપર મુજબ